ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# રીટાબેન પટેલ દ્વારા સેવાના ઉમદા કાર્યો સાથે જન્મદિનની ઉજવણી

**સિવિલ હોસ્પિટલમાં દર્દીઓ તેમજ આહારગૃહમાં ભોજન વિતરણની સાથે સે-૧૯ના બાળગૃહમાં બાળકોને નાસ્તો તેમજ ચીજવસ્તુઓના વિતરણની સાથે સે-૨૮ મુકબધિર શાળા ખાતે ભોજન લઈ ધારાસભ્ય રીટાબેન પટેલે જન્મદિવસની ઉજવણી કરવાનું ઉત્તમ ઉદાહરણ પુરુ પાડયું : ભાજપના અગ્રણીઓ પણ ધારાસભ્ય સાથે જોડાયા**

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલે આજે ટુંકાગાળામાં જ મહીલાઓ અને બાળકોના હૃદયમાં પણ આગવુ સ્થાન પ્રાપ્ત કર્યુ છે, જયારે આજે જન્મદિવસની ઉજવણી પણ તેમણે પરિવાર પુરતી સિમિત રાખી ન હતી પરંતુ મહીલાઓ, દર્દીઓ, બાળકો અને અન્ય જરૂરિયાતમંદો માટે સેવાના કાર્યો હાથ ધરી તેમના ચહેરા પર મુસ્કાન લાવવા પ્રયાસ કર્યો હતો.

ગાંધીનગર ઉત્તરના લોકપ્રિય ધારાસભ્ય શ્રીમતી રીટાબહેન કેતનકુમાર પટેલે તા.૨૧ ઓગષ્ટને સોમવારે તેમના જન્મદિવસની ઉજવણી પરિવાર અને સ્વજનો પુરતી સિમિત ના રાખી જાહેર જનજીવન વચ્ચે ઉજવ્યો હતો. આ પ્રસંગે શહેર ભારતીય જનતા પક્ષના કાર્યકરો દ્વારા અનેક સેવાકીય કાર્યો સંપન્ન કરીને ઉજવવામાં આવ્યો હતો. આ









તેમના જન્મદિવસની ઉજવણી નિમિત્તે અનેકવિધ સેવા કાર્યો કર્યા હતા. દર્દથી પીડાતા દર્દીઓથી માંડી અન્ય જરૂરિયાતમંદો તેમજ બાળકો માટે ઉમદા સેવા કાર્યો હાથ ધરી જન્મદિવસની પ્રેરણાદાયી ઉજવણી કરી હતી. સતત પ્રજાલક્ષી કામો અને મતદારોને આપેલા વચનને પુર્ણ કરવા સતત પ્રયત્નશીલ રહેતા રીટાબેન પટેલે લોકસેવાના માધ્યમથી







તસવીર : શૈલેન્દ્ર સોલંકી

સેવાકીય કાર્યોમાં સેક્ટર ૧૭મા આવેલા બાળગૃહ ખાતે બાળકોને નાસ્તો તેમજ ભેટ વિતરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સિવિલ હોસ્પિટલમાં બાળકો અને સગર્ભા બહેનોને ફ્રુટ વિતરણ કરાયું હતું અને નિઃશુલ્ક આહાર કેન્દ્ર ખાતે જરૂરિયાતમંદોને પૌષ્ટિક આહાર ધારાસભ્ય રીટાબહેન પટેલનાં વરદ હસ્તે વિતરણ કરાયો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## સે-૨૧માં ક્રિકેટ સ્ટેડિયમની યોજનામાં નડતરરૂપ ઘ-કક્ષાના ૧૬ જોખમી બ્લોક તોડી નંખાશે

**ટેન્ડર મંજુરીના અંતે બીજા તબક્કાનુ કામ હાથ ધરાશે : નોર્થ અને સાઉથ બ્લોક ઉપરાંત પાર્કીંગ સહીતનુ કામ હાથ ધરાશે**

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરમાં ક્રિકેટપ્રેમીઓ માટે નવુ સ્ટેડિયમ તૈયાર થઈ રહ્યુ છે. જો કે આ સ્ટેડિયમની કાર્યયોજનામાં કોરોના કાળમાં વિલંબ થતા હજુ હવે બીજા તબક્કાની કામગીરી માટે આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં પ્રથમ તબક્કામાં ક્રિકેટ પીચ અને પ્રેક્ષક ગેલેરીનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ જયારે બીજા તબક્કાની કામગીરીને અનુલક્ષી નોર્થ અને સાઉથ બ્લોકનુ કામ હાથ ધરાશે આ ઉપરાંત ખેલાડીઓ માટેના ગ્રીનરૂમ અને પાર્કીંગ સહીતની કામગીરી પણ હાથ ધરવામાં આવશે આ યોજના પાછળ અંદાજિત રૂ ૩૪ કરોડનો ખર્ચ કરાશે જયારે આ કામગીરીને અનુલક્ષીને ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે. જયારે નોર્થ અને સાઉથ બ્લોકની કામગીરીને અનુલક્ષીને આ વિસ્તારમાં નડતરરૂપ થતા ઘ કક્ષાના ૧૬ જોખમી મકાનો પણ તોડી નાંખવા માટે મંજુરી આપી દેવામાં આવી છે. જેના અંતે હવે આ જોખમી આવાસો પણ દુર કરાશે. ગાંધીનગરના સે-૨૧ માં ક્રિકેટ

● અનુસંધાન પાન-૭ પર

## કુડાસણમાં ગુડાએ કપાતની જમીનમાં બગીચા નિર્માણનુ કામ શરૂ કરતા વિરોધ ઉઠયો

**નજીકમાં સ્થિત સોસાયટીના રહીશોના મતે આ જગ્યા કોમન પ્લોટ તરીકે નિયત કરવામાં આવી છે**

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરના સેકટરોની જેમ નવા ગાંધીનગરમાં પણ ગ્રીન સીટીનો કન્સેપ્ટ અપનાવવા માટે નવા બગીચઓ બનાવામાં આવી રહ્યા છે. જયારે કુડાસણમાં ગુડા દ્વારા બગીચાનુ કામ પ્રગતિ હેઠળ છે ત્યારે સ્થાનિકો દ્વારા આ મામલે વિરોધ કરવામાં આવી રહ્યો છે. અલબત્ત વિરોધના લીધે હાલ બગીચા નિર્માણની કામગીરી પણ અટકાવી દેવામાં આવી છે. જયારે આ વિસ્તારમાં ટી પી પુર્વે તૈયાર થયેલી સોસાયટીના કોમન પ્લોટમાં હવે કપાતની જમીનમાં આવતા ગુડાએ બગીચા નિર્માણની કામગીરી શરૂ કરી છે. જેના લીધે મામલો ગુંચવાયો છે.આવા સંજોગોમાં સ્થાનિક રહીશોમાં પણ પ્રબળ વિરોધ ઉઠવા પામ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર





તસવીર : શૈલેન્દ્ર સોલંકી

પાવન શ્રાવણ માસ ચાલી રહ્યો છે અને આ મહિનામાં ભોળા શંભુ શિવજીને રીઝવવા ભક્તો વિવિધ રીતે પૂજા-અર્ચના-આરાધના કરે છે. ઉત્તર પૂર્વીય ભારતમાં મહાદેવજીને કાવડમાં જળ લઈ જઈને જલાભિષેક કરવા યોજાતી કાવડયાત્રા ખૂબ પ્રચલિત છે તે રીતે જ અમદાવાદથી ગાંધીનગર મહુડી માર્ગ પરના અમરનાથ ધામ સુધીની કાવડયાત્રા સતત ૯મા વર્ષે યોજાઈ હતી જેમાં મોટી સંખ્યામાં જોડાયેલા કાવડિયાઓએ શ્રાવણના પ્રથમ સોમવારે અમરનાથ પહોંચી જલાભિષેક કર્યો હતો. આ સમયે સમગ્ર વાતાવરણ ''હર હર મહાદેવ''ના નારાઓથી ગૂંજી ઉઠ્યું હતું.

## ગાંધીનગર મહાનગર મહિલા મોરચા દ્વારા વડાપ્રધાનના રક્ષા કવચ રૂપે રાખડીઓ બનાવાઈ

**ધારાસભ્ય રીટાબેન પટેલના કાર્યાલય ખાતે ૧૦૦ જેટલી બહેનોએ બનાવેલી રાખડીઓ દીલ્હી મોકલાશે : પ્રદેશ ભાજપ મહિલા મોરચા પ્રમુખ ડો. દીપીકાબેન સરડવા તથા મહાનગર ભાજપના મહિલા મોચરાના પ્રમુખ પ્રિયાબેન પટેલની ઉપસ્થિતિમાં દેશને ગૌરવ અપાવતા સ્થાનોનો સમાવેશ કરી રાખડી બનાવાઈ**







તસવીર : શૈલેન્દ્ર સોલંકી

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને ઈશ્વર દેશસેવા માટે વધુને વધુ શક્તિ પ્રદાન કરે અને દેશ તેમના નેતૃત્વમાં અનેક સિદ્ધિઓ હાંસલ કરે અને તેમની રક્ષા કરે તે હેતુથી આગામી રક્ષાબંધનના પર્વ નિમિત્તે ૨૧ ઓગસ્ટ સોમવારે ધારાસભ્ય રીટાબેન પટેલના કાર્યાલય ખાતે ૧૦૦ જેટલી બહેનોએ જાતે રક્ષાકવચ રૂપી રાખડી બનાવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, શહેર ભાજપ મહિલા મોરચા દ્વારા ૨ મીટર લાંબી વિશિષ્ટ રાખડી તૈયાર કરવામાં આવી હતી જેમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનકાળમાં થયેલ અભૂતપૂર્વ કાર્યો અને દેશને ગૌરવ અપાવતા સ્થાનોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ પ્રસંગે શ્રીમતી રીટાબેન પટેલે જણાવ્યું હતું કે, નરેન્દ્રભાઈ મોદીએ મુખ્યમંત્રી તરીકે ગુજરાતની ધુરા સંભાળી ત્યારથી ભાજપાની બહેનો ઉત્સાહપૂર્વક રક્ષાબંધનના પાવન પર્વ નિમિતે તેમની રક્ષા અને દીર્ઘાયુ માટે તેમજ જનહિતના કાર્યો કરવા માટે ઈશ્વર તેમને ઊર્જા પ્રદાન કરે તેવા ભાવ સાથે દર વર્ષે તેમના માટે રક્ષાસૂત્ર રૂપી રાખડી મોકલાવે છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના શાસનકાળ દરમિયાન મહિલાઓને લગતા વિવિધ મુદ્દાઓને સ્પર્શતા અનેક કાર્યો કર્યા

● અનુસંધાન પાન-૭ પર

### દેશભરની કરોડો મહિલાઓનો પ્રધાનમંત્રી પ્રતિ વિશ્વાસ વધુ દ્રઢ થયો છે : રીટાબેન પટેલ

આગામી રક્ષાબંધન પર્વે પ્રધાનમંત્રી માટે ધારાસભ્યના કાર્યાલય ખાતે ૧૦૦ જેટલી બહેનોએ રાખડી બનાવી તે પ્રસંગે ધારાસભ્ય રીટાબેન પટેલે જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મુખ્યમંત્રી તરીકે ગુજરાતની ધુરા સંભાળી ત્યારથી આજ સુધી દર વર્ષે ભાજપ પરિવારની બહેનો તેમને રાખડી રૂપી રક્ષાકવચ અચૂક મોકલે છે.પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનકાળ દરમિયાન મહિલાઓને લગતા વિવિધ મુદ્દાઓને સ્પર્શતા અનેક કાર્યો થવાથી દેશભરની કરોડો મહિલાઓનો તેમના પ્રતિ વિશ્વાસ વધુ દ્રઢ થયો છે.

## સેકટરોમાં ઉજ્જડ બનેલા વિવિધ ૧૦ ઉદ્યાનોની રોનક નિખરશે

**જાન્યુઆરીમાં કામ પુર્ણ કરાશે : કોર્પોરેશને અગાઉ વિવિધ સેકટરોમાં ૧૮ બગીચાઓનુ નવિનીકરણ કર્યુ હતુ : સેકટરોમાં સ્થિત ૭૮ બગીચાઓ કોર્પોરેશન હસ્તક છે : લાંબા સમયથી કંગાળ જોવા મળતા ઉદ્યાનોની સુંદરતા નિખારવા તબક્કાવાર આયોજન કરવામાં આવી રહ્યુ છે : બગીચાઓમાં ગજીબો, જોગીંગ ટ્રેક, ચિલ્ડ્રનપ્લે એરિયા, વોક વે. જીમના સાધનો સહીતની સુવિધાઓ ઉભી કરવામાં આવે છે**

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગર શહેરના સેકટરોમાં લાંબા સમયથી બગીચાઓ ઉજ્જડ અને આકર્ષણ વિહોણાં બન્યા હતા જયારે કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ સેકટરોમાં સ્થિત બગીચાઓની રોનક નિખારવા માટે તબક્કાવાર બગીચા નવિનીકરણની યોજના અન્વયે કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. અગાઉ પણ શહેરના સેકટરોમાં ૧૮ જેટલા બગીચાઓની સુંદરતા નિખારવામાં આવી હતી જયારે હાલ શહેરના સેકટરોમાં કુલ ૧૦ ઉદ્યાનોનુ નવિનીકરણ કરવામાં આવી રહ્યુ છે. આગામી જાન્યુઆરી ૨૪ સુધીમાં બગીચાની કામગીરી પુર્ણ કરી દેવાશે જેમાં ગજીબો, જોગીંગ ટ્રેક, ચિલ્ડ્રન પ્લે એરિયા અને જીમના સાધનો સહીતની સુવિધાઓ ઉભી કરવામાં આવશે.

ગાંધીનગરના સેકટરો અસ્તિત્વમાં આવ્યા ત્યારથી બગીચાઓ પણ છે. જો કે સમય જતા આ ઉદ્યાનો હરિયાળી ગુમાવી બેસતા ઉજ્જડ બનેલા ઉદ્યાનો આકર્ષણ વિહોણા બન્યા હતા જયારે ઉજ્જડ અને કંગાળ બગીચાઓમાં રાત્રિના સમયે અગાઉ દુષણો પણ પાંગરતા હતા મેનપાવર અને જાળવણીના અભાવે દુષણોનો અડ્ડો બનેલા ઉદ્યાનોને હવે નવસેરથી નિખારવામાં આવી રહ્યા છે. સેકટરોમાં તબક્કાવાર બગીચાઓનુ નવિનીકરણ હાથ ધરવામાં આવી રહ્યુ છે. ગાંધીનગર શહેરના સેકટરોમાં નાના મોટા અંદાજિત ૧૩૦ જેટલા બગીચા છે. જયારે આ પૈકી પ્રથમ તબક્કામાં મહાનગરપાલિકાને ૩૦ બગીચાઓ સોંપવામાં આવ્યા હતા ત્યારબાદ માર્ગ મકાન વિભાગે ૪૮ જેટલા બગીચાઓ પણ કોર્પોરેશનને સોંપી દીધા હતા.જેના અંતે ગાંધીનગર મહાનગરપાલિકા પાસે હાલની સ્થિતિએ અંદાજિત ૭૮ જેટલા ઉદ્યાનો છે. એકબાજુ વિકાસના કામો વચ્ચે ગ્રીનસીટીની દ્રષ્ટીએ શહેર હંસિયામા ધકેલાઈ રહ્યુ છે. ત્યારે હરિયાળા વૃક્ષોનુ જતન કરવા સાથે ઉજ્જડ બનેલા ઉદ્યાનોની પણ કાયાપલટ કરવામાં આવી રહી છે. કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ ઉદ્યાનોની રોનક નિખારવા માટે પણ નવતર અભિગમ અપનાવાયો છે. જયારે મહાનગરપાલિકા દ્વારા અત્યારસુધી સે-૩, સે-૩ ન્યુ, સે-૬, સે-૧૩ સે-૧૪ સે-૧૭, સે-૨૦, સે-૨૨સે-૨૩, સે-૨૫, સે-૫ સે-૧૨, સે-૧૬, સે-૨૨, સે-૨૬સે-૨૯ સે-૯ માં બગીચાઓના નવિનીકરણનુ કામ પુર્ણ કરી દેવામાં આવ્યુ છે. જયારે હાલ પણ શહેરના સેકટરોમાં કુલ ૧૦

● અનુસંધાન પાન-૭ પર

## શહેરી વિસ્તારના ગામોમાં ૧૧ હજાર મિલકત સામે પાણીના કાયદેસર ૩૯૦૦ જોડાણ !!!

**અનધિકૃત મિલકતોને જોડાણ આપવા સરકારનું માર્ગદર્શન માંગવામાં આવ્યું**

ગાંધીનગર, તા.૨૧

શહેરી ગામોમાં નલ સે જલ યોજના અન્વયે પાણીના જોડાણ આપવા આયોજન કરવામાં આવ્યું છે . જો કે આ મામલે સર્વે અને લાઈન નું કામ હાથ ધરવામાં આવ્યા બાદ હજુ નીતિ નક્કી થઈ નથી જયારે આઠ ગામમાં કાયદેસરના જોડાણની સંખ્યા ૩,૯૦૦ જેટલી છે. જ્યારે સામે રહેણાંક મિલકતોનો આંકડો ૧૧ હજાર હોવાનું પણ ધ્યાને આવ્યુ છે આવા સંજોગોમાં અનધિકૃત મિલકતોને જોડાણ આપવા મામલે તંત્રએ સરકારના માર્ગદર્શન માટે જાણ કરી છે

સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ નળ સે જળ યોજના અંતર્ગત શહેરી ગામોમાં ઘર સુધી પીવાનું પાણી નળના માધ્યમથી મળે તે મુજબ આયોજન કરવામાં આવ્યું છે તેમાં ગાંધીનગરના શહેરી વિસ્તારનો સમાવેશ પણ કરવામાં આવ્યો છે. શહેરના સ્થાપના કાળથી ૩૦ સેક્ટરો ની સાથે આસપાસના આઠ ગામડાઓને ન્યુક્લિયસ વિલેજ તરીકે ઓળખાય છે. આ આઠ ગામડાઓમાં ઈન્દ્રોડા, ધોળાકુવા, ગોકુળપુરા, પાલજ, બાસણ, બોરિજ, આદિવાડા અને ફતેહપુરા ગામ સમાવિષ્ટ છે જ્યાં નલ સે જલ યોજના અંતર્ગત જોડાણ આપવા પાઈપ લાઈનની પણ કામગીરી કરવામાં આવી છે. આઠ ગામમાં કુલ મળીને ૩,૯૦૦ જેટલા પાણીના કાયદેસર જોડાણ છે. અગાઉ થયેલા સર્વે મુજબ આ આઠ ગામોમાં જ નોંધાયેલી રહેણાંક મિલકતો પણ ૧૧ હજાર હોવાનું મનાઈ રહ્યું છે. જ્યારે નળ સે જળ અન્વયે ૭ હજાર જેટલા નવા જોડાણ આપવાના મામલે પણ સરકાર કક્ષાએથી પોલિસી તૈયાર થઈ નથી.

## મહાત્મા મંદિર પાસે અમૃતવાટીકા તૈયાર કરાઈ

**ગુજરાતના નકશા મુજબ પ્લાન્ટેશન કરાયુ : સૌરાષ્ટ્ર,કચ્છ, ઉત્તર, મધ્ય, દક્ષિણ ગુજરાતના વિસ્તારને અનુલક્ષી મેપનુ ડ્રોઇંગ તૈયાર કરી જે તે પ્રદેશને અનુરૂપ નવા રોપાઓની વાવણી કરવામાં આવી : અમૃતવાટીકામાં અમૃતકળશ મુકવામાં આવશે**

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરમાં વરસાદી દિવસો દરમિયાન સેકટરોમાં ઠેર ઠેર નવા રોપાઓની વાવણી કરવામાં આવી રહી છે. શહેરના વન આરક્ષિત વિસ્તાર ઉપરાંત અન્ય ખુલ્લી જગ્યાઓમાં પણ હરિયાળી નિખારવા પ્રયાસ થઈ રહ્યો છે. જયારે વનકવચની યોજના અન્વયે પણ અંદાજિત ૧૦ હેકટરમાં આર્યુવેદિક સહીત વિવિધ પ્રકારના રોપાઓની વાવણી કરવામાં આવી છે. જયારે મેરી માટી મેરા દેશ અન્વયે વનતંત્રએ મહાત્મા મંદિરના ગેટ નં-૫ નજીક અમૃતવાટીકા તૈયાર કરવામાં આવી છે. આ અમૃતવાટીકામાં રાજયના નકશા મુજબ પ્રદેશને અનુલક્ષીને વિવિધ પ્રકારના રોપાઓની વાવણી કરવામાં આવી છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં આગામી તા ૨૩ ઓગષ્ટના રોજ મેરી માટી મેરા દેશ અન્વયે ગાંધીનગરમાં રાજય કક્ષાનો કાર્યક્રમ યોજવામાં આવનાર છે. જયારે આ દરમિયાન મહાત્મા મંદિરના ગેટ નં-૫ અલબત્ત ગ-૪ ના કોર્નર પાસે તૈયાર કરવામાં આવેલી અમૃતવાટીકાનુ પણ ઉદ્ઘાટન કરવામાં આવશે.

મહાત્મા મંદિર પાસે વનવિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલી આ અમૃતવાટિકામાં ગુજરાતના નકશાને ધ્યાનમાં રાખી નવતર અભિગમ સાથે રોપાઓનુ વાવેતર કરવામાં આવ્યુ છે. જેમાં સ્થળ પર મેપ મુજબ ડ્રોઈંગ કરીને મેપ તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતનો મેપ તૈયાર કરવામાં આવ્યો છે. જયારે આ જગ્યાએ રાજયના પાંચ ઝોનમાં વિવિધ વિસ્તારને અનુલક્ષી નવા રોપાઓની વાવણી કરવામાં આવી છે. વનતંત્ર દ્વારા તૈયાર કરવામાં આવેલી આ અમૃતવાટીકા ગુગળ, પીલુ, ઉમરો, લીમડો, વડ, પીપળ, કરંજ , ખીજડો, સીતાફળ, ખીજડો, ટીમરુ, બીલી, ચંદન, સાગ, મહુડો, ખાખરો, રગતરોઈડો , ઉટમરોડ સહીતના રોપાઓની વાવણી કરવામાં આવી છે. અલબત્ત નકશાને ધ્યાનમાં રાખી જે તે પ્રદેશ મુજબ વિવિધ ૧૦થી પણ વધુ પ્રકારના રોપાઓની વાવણી કરવામાં આવી છે. નવતર પ્લાન્ટેશન સાથે ફેન્સીંગ પણ કરી દેવામાં આવ્યુ છે. આગામી તા ૨૩ ઓગષ્ટના રોજ મેરી માટી મેરા દેશ અન્વયે મુખ્યમંત્રીના હસ્તે આ નમુનારૂપ અમૃતવાટીકાનુ ઓપનીંગ કરવામાં આવશે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com